GMERS ... Gotri ... Inward No. 3403 23/7/21 Dean A/O D/S H/C

GMERS/INC: 5522-5534/21

ક્રમાંક:પરચ/સેલ્ફ ફાય/મેનેજમેન્ટ/પ્રવેશ/ફી/૬-૪/૨૧
ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,
છઠ્ઠો માળ, નેશનલ હેલ્થ મિશન ભવન,
સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર
તા.૧૭મી જુલાઈ ૨૦૨૧

પ્રતિ,
સભ્ય સચિવશ્રી,
એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ અંડરગ્રેજ્યુએટ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષિસ,
જીએમઈઆરએસ મેડીકલ કોલેજ,
ગાંધીનગર.

વિષય:- સેલ્ફ ફાયનાન્સ / મેનેજમેન્ટ બેઠક ઉપર એડમીશન આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૧૯-૨૦ દરમ્યાન જીએમઈઆરએસની ૦૮ (આઠ) મેડીકલ કોલેજોની મંજુર થયેલ કુલ ૧૬૦૦ બેઠકોમાંથી સરકારી ક્વોટાની ૭૫% બેઠક પ્રમાણે કુલ-૧૨૦૦ બેઠકો તેમજ મેનેજમેન્ટ ક્વોટાની ૧૦% બેઠકો પ્રમાણે કુલ-૧૬૦ બેઠકો ઉપર પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં એડમીશન આપવા માટે એડમીશન કમિટીને વિનંતિ કરવામાં આવેલ હતી અને તે પ્રમાણે એડમીશન આપવા માટે ૧૩૬૦ બેઠકો ઉપર પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં એડમીશન આપવા માટે એડમીશન કમિટીએ પ્રવેશ કાર્યવાહિ કરેલ હતી. તેમજ શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૦-૨૧ દરમ્યાન કુલ ૧૬૦૦ બેઠકોમાં તે મુજબ પ્રવેશ કાર્યવાહી કરેલ હતી.

પ્રસ્તુત બાબતે જણાવવાનું કે શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૧-૨૨ માટે જીએમઈઆરએસની મેડીકલ કોલેજોની સ્વનિર્ભર બેઠકની શૈક્ષણિક ફી વાર્ષિક રૂ. ૩.૩૦લાખ તેમજ મેનેજમેન્ટ ક્વોટાની શૈક્ષણિક ફી વાર્ષિક રૂ. ૯,૦૭,૫૦૦ અને એન.આર.આઈ ક્વોટાની શૈક્ષણિક ફી વાર્ષિક US $ ૨૨ હજાર (બાવીસ હજાર યુ.એસ. ડૉલર અથવા સમકક્ષ વિદેશી ચલણ)ના ધોરણો રાખવા મંજુરી મળેલ છે.

ઉપરોક્ત સંજોગોમાં શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૧-૨૨માં પ્રથમ વર્ષની નીચે જણાવેલ પત્રક મુજબ જીએમઈઆરએસની ૦૮ (આઠ) મેડીકલ કોલેજોની બેઠકો ઉપર શૈક્ષણિક ફી વાર્ષિક રૂ. ૩.૩૦ લાખ સાથે સેલ્ફ ફાયનાન્સના લિસ્ટમાં દાખલ કરી સરકારી ક્વોટાની ૭૫% બેઠક પ્રમાણે કુલ-૧૨૦૦ બેઠકો તેમજ શૈક્ષણિક ફી વાર્ષિક રૂ. ૯,૦૭,૫૦૦ સાથે મેનેજમેન્ટ ક્વોટાની ૧૦% બેઠકો પ્રમાણે કુલ-૧૬૦ બેઠક સરકારી ક્વોટાની બેઠકો તરીકે આપવા માટે સરન્ડર કરવામાં આવે છે. તથા એન.આર.આઈ. ક્વોટાની ૧૫% લેખે કુલ-૨૪૦ બેઠકો ઉપર શૈક્ષણિક ફી વાર્ષિક $ ૨૨ હજાર (બાવીસ હજાર યુ.એસ. ડૉલર અથવા સમકક્ષ વિદેશી ચલણ) સાથે પ્રવેશ આપવાનો રહેશે તથા તે એન.આર.આઈ ક્વોટાની કુલ-૨૪૦ બેઠકોમાંથી ખાલી રહેતી બેઠકો મેનેજમેન્ટ ક્વોટામાં તબદીલ થતી હોઇ તે મુજબ વાર્ષિક રૂ. ૯,૦૭,૫૦૦ની શૈક્ષણિક વાર્ષિક ફીના ચુકવણાંથી શૈક્ષણિક પ્રવેશ વર્ષ -૨૦૨૧-૨૨ની પ્રવેશ કાર્યવાહિ કરવા માટે કેન્દ્રિય એડમીશન કમિટીને સરન્ડર કરવામાં આવે છે.



Scanned with CamScanner

| ક્રમ | જીએમઈઆરએસ મેડીકલ કોલેજનું નામ | કુલ મંજુર બેઠક | સરકારી ક્વોટાની બેઠકો ૭૫% લેખે | મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ૧૦% લેખે | એન.આર. આઇ. ક્વોટાની બેઠકો ૧૫ % લેખે |
|---|---|---|---|---|---|
| ૧ | સોલા | ૨૦૦ | ૧૫૦ | ૨૦ | ૩૦ |
| ૨ | ગોત્રી | ૨૦૦ | ૧૫૦ | ૨૦ | ૩૦ |
| ૩ | ગાંધીનગર | ૨૦૦ | ૧૫૦ | ૨૦ | ૩૦ |
| ૪ | વલસાડ | ૨૦૦ | ૧૫૦ | ૨૦ | ૩૦ |
| ૫ | ધારપુર | ૨૦૦ | ૧૫૦ | ૨૦ | ૩૦ |
| ૬ | હિંમતનગર | ૨૦૦ | ૧૫૦ | ૨૦ | ૩૦ |
| ૭ | જુનાગઢ | ૨૦૦ | ૧૫૦ | ૨૦ | ૩૦ |
| ૮ | વડનગર | ૨૦૦ | ૧૫૦ | ૨૦ | ૩૦ |
| | કુલ | ૧૬૦૦ | ૧૨૦૦ | ૧૬૦ | ૨૪૦ |

વિશેષમાં જણાવવાનું કે, સરકારી ક્વોટાની બેઠક ઉપર પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાસેથી તેઓ એમ.બી.બી.એસ. નો અભ્યાસ પુરો કરે તે પછી એક વર્ષ સુધી સરકારમાં સેવા આપવાનું અને જો આવી સેવા ન આપે તો તેઓ પાસેથી રૂ. ૨.00 લાખ વસુલ કરવાનું નક્કિ કરવામાં આવેલ છે. તે મુજબ સબંધિત તબીબી વિદ્યાર્થીએ જીએમઈઆરએસની જે તે મેડીકલ કોલેજમાં પ્રવેશ સમયે બોન્ડ રજુ કરવાનો રહેતું હોવાથી જીએમઈઆરએસની તમામ મેડીકલ કોલેજોમાં પ્રવેશ આપવામાં આવે તે વિદ્યાર્થીએ ઉપર પ્રમાણે બોન્ડ આપવાનું રહેશે. તે મતલબની જાણ સબંધિત ઉમેદવારને પ્રવેશ આપતી વખતે કરવા વિનંતી છે.

આ કચેરીની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.0૬/૭/૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આ પત્ર રવાના કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

ચીફ એકઝીક્યુટીવ ઓફીસર
જીએમઇઆર સોસાયટી
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- અંગત સચિવશ્રી, માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ..
- રહસ્ય સચિવશ્રી, માન.અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું કાર્યાલય, બ્લોક નં.૭, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ
- રહસ્ય સચિવશ્રી, માન.કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને ત.શિ., નું કાર્યાલય, બ્લોક નં.૫, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ સારુ

નકલ રવાના:-

- ડીનશ્રી, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, વલસાડ, ધારપુર-પાટણ, જુનાગઢ, હિંમતનગર અને વડનગર; યોગ્ય કાર્યવાહિ સારૂ.
- અત્રેની હિસાબી શાખા તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહિ સારૂ.



Scanned with CamScanner